જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૨/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૦૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૩	૧	૧૧૨૪૪	૧૭૩૭૫	૧	૧૭૩૭૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૮૯	૪	૨૮૮૯૩	૩૦૨૦૩	૪	૩૦૨૦૭
કુલ		૪૪૯૦૩	૫	૪૪૯૦૮	૫૪૦૭૯	૫	૫૪૦૮૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૪	૧૦,૭૫,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૩	૯૩,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

ખોખરા પોલીસ સ્ટેશન :

છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ સાહેબ દ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સારૂ ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્રનરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે. ના પો.સબ.ઇન્સ. આર.એન.ચુડાસમા તથા હે.કો વખતસંગ જીતુજી બ.નં.૫૮૪૫ તથા પો.કો.વિનોદભાઇ ચંદુભાઇ બ.નં.૪૫૦૬ તથા સિધ્ધાર્થભાઇ કિશનભાઇ બ.નં.૯૪૮૦ તથા પો.કો. વિજયસિંહ ભરતભાઇ બ.નં.૮૪૫૫ તથા પો.કો નારણભાઇ જીણાભાઇ બ.નં.૮૭૯૯ તથા લો.૨. હિતેન્દ્રભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૮ તથા લો.૨ હરદેવસિંહ ભાવસંગભાઇના બ.નં.૧૨૦૯૪ સાથે પો.સ્ટે.વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સબ.ઇન્સ. આર.એન.ચુડાસમા તથા સિધ્ધાર્થભાઇ કિશનભાઇ બ.નં.૯૪૮૦ નાઓને મળેલ સંયુકત અને ચોક્કસ બાતમી હકિકત આધારે "ખોખરા પો.સ્ટે-એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૦૦૬૧/૨૦૨૦ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી કિશોરભાઇ ઉર્ફે કનુ સ/ઓ કાળીદાસ શર્મા રહે.યકીનભાઇના ભાડાના મકાનમા ગાયત્રી સોસાયટી શકરીબા પાર્ટી પ્લોટની પાછળ જામફળવાડી રામોલ અમદાવાદ શહેર નાને " ઉપરોક્ત બાતમી હકીકત આધારે છેલ્લા ૧૩ માસથી નાસતા ફરતા હોય જેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સરાહનીય કામગીરી કરેલ છે.



પ્રોહી.ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

સ્થાનિક સ્વરાજય ચુંટણી અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂની બોટલ-૬૦ કુલ્લે કિંમત રૂપિયા-૩૦,૦૦૦/- તથા એક મો.ફોન કિંમત રૂ-૧૦૦૦/- તથા બજાજ ઓટો રીક્ષા સાથે કુલ્લે કિંમત રૂ-૧,૧૧,૦૦૦/- નો મુદ્દામાલ પકડી પ્રોહીનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી - કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓની સુચના આધારે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી અનુસંધાને પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુદ કરવા સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી " એ.જે.ચૌહાણ" નાઓના માર્ગદર્શન મુજબ પો.સબ.ઈન્સ.કે.એન.વાઘેલા તથા સાથેના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ.વિક્રમસિંહ મહેન્દ્રસિંહનાઓની બાતમી આધારે ઉતમનગર પેલેસ ફલેટ ઉતમનગર કેનાલ પાસે ઠકકરનગર પાર્કીંગમાં જાહેરમાં એક ઓટો રીક્ષા નં-GJ-01-FT-3302 માં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૬૦ કિંમત રૂ-૩૦,૦૦૦/- નો મુદામાલ સદર ઓટોરીક્ષાના ચાલક- નરેન્દ્રસિંહ ઉર્ફે પીન્ટુ કનકસિંહ ઝાલા ઉં.વ-૪૨ રહે-મ.નં-૯ ઉતમનગર પેલેસ ફલેટ, કેનાલ પાસે, ઠકકરનગર, અમદાવાદ શહેર તથા (વોન્ટેડ) પુનમ ઉર્ફે પુનો બારોટ રહે-ક્રીશ રેસીડેન્સી, નિકોલ, અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ તા.૧૫/૦૨/૨૦૨૧ ના કલાક-૦૭/૧૦ વાગે ધી પ્રોહી એકટ કલમ-૬૬(બી), ૬૫(એ),(ઇ), ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો નોંધી સારી કામગીરી કરેલ છે. તા.૧૫/૦૨/૨૦૨૧

આરોપીઓના નામ:-(૧) નરેન્દ્રસિંહ ઉર્ફે પીન્ટુ કનકસિંહ ઝાલા ઉં.વ-૪૨ રહે-મ.નં-૯ ઉતમનગર પેલેસ ફલેટ, કેનાલ પાસે, ઠકકરનગર, અમદાવાદ શહેર તથા (વોન્ટેડ) પુનમ ઉર્ફે પુનો બારોટ રહે-ક્રીશ રેસીડેન્સી, નિકોલ, અમદાવાદ શહેર

મુદ્દામાલ- ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૬૦ કિંમત રૂ-૩૦,૦૦૦/- તથા બજાજ ઓટો રીક્ષા નં-GJ-01-FT-3302 કિંમતરૂ-૮૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોન-કિં-રૂ-૧૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂ-૧,૧૧,૦૦૦/- ના મત્તાનો મુદ્દામાલ.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ.કે.એન.વાઘેલા તથા પો.કો-જીજ્ઞેશકુમાર કોદરભાઇ બ.નં-૫૭૨૯ તથા પો.કો-વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-૧૦૯૫ તથા એલ.આર.લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સ્ટાફના માણસો.

નરોડા પોલીસ સ્ટેશન :

સ્થાનીક સ્વરાજની ચુંટણી અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય ભારતીય બનાવટના વિદેશીદારૂના પાઉચ નંગ-૧૮૫ કી રૂ ૨૭૭૫૦/- તથા મહીન્દ્ર છોટાહાથી કિ રૂ ૩૦૦૦૦૦/- મળી કુલ્લે રૂ ૩૩૨૭૫૦/- ના મુદામાલ સાથે એક ઇસમને પકડી પ્રોહી.નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી – નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના આધારે આગામી સ્થાનીક સ્વરાજ ની ચુટણી અનુશંધાને પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી "પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ ના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા.દરમ્યાન નાના ચીલોડા સર્કલ ખાતે આવતાં નાના ચિલોડા સર્કલ ખાતે હાજર પો.કો. પ્રકાશભાઇ સોમાભાઇ તથા એલ.આર.ચંદ્રસિંહ વિક્રમસિંહ નાઓની સંયુક્ત બાતમી આપેલ કે નરોડા નાના ચિલોડા સર્કલ ખાતેથી એક ઇસમ નામે કરણ ઉર્ફે કાનાભાઇ ઇશ્વરલાલ પરમાર ઉ.વ-૨૧ ધંધો-ડ્રાઇવીંગ રહે મ.નં-બી/૫૫,શણગાર શેરી,આંબેડકર હોલની બાજુમા,સરસપુર,અમદાવાદ મુળ રહે ગામ-માલગઢ તા-ડીસા,જી-બનાસકાંઠા નાને ભારતીય બનાવટના વિદેશીદારૂના પાઉચ નંગ-૧૮૫ કી રૂ ૨૭,૭૫૦/- તથા મોબાઇલ નંગ-૧ કિ રૂ ૫,૦૦૦/- તથા મહીન્દ્ર છોટાહાથી નં- જી.જે-૨૭-એક્ષ-૯૫૯૮ કિ રૂ ૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૩,૩૨,૭૫૦/- ના મુદ્દામાલ સાથે તા.૧૫/૦૨/૨૦૨૧ ના કલાક ૧૭/૧૫ વાગે પકડી તેના વિરૂધ્ધ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી) ૬૫એઇ, ૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુન્હો નોધી કરી સારી કામગીરી કરેલ છે. તા.૧૫/૦૨/૨૦૨૧.

આરોપીનુ નામ –

કરણ ઉર્ફે કાનાભાઇ ઇશ્વરલાલ પરમાર ઉ.વ-૨૧ ધંધો-ડ્રાઇવીંગ રહે મ.નં-બી/૫૫,શણગાર શેરી,આંબેડકર હોલની બાજુમા, સરસપુર,અમદાવાદ મુળ રહે ગામ-માલગઢ તા-ડીસા,જી-બનાસકાંઠા

મુદ્દામાલ –

ભારતીય બનાવટના વિદેશીદારૂના પાઉચ નંગ-૧૮૫ કી રૂ ૨૭,૭૫૦/- તથા મોબાઇલ નંગ-૧ કિ રૂ ૫,૦૦૦/- તથા મહીન્દ્ર છોટાહાથી નં- જી.જે-૨૭-એક્ષ-૯૫૯૮ કિ રૂ ૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૩,૩૨,૭૫૦/- મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.પ્રકાશકુમાર ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા વિજયકુમાર ખોડીદાસ બ.નં.૧૦૦૯૦ તથા પો.કો. પ્રકાશભાઇ સોમાભાઇ બ.નં-૩૭૮૯ તથા એલ.આર રાહુલકુમાર ઇશ્વરભાઇ બ.નં-૮૦૩૯ તથા એલ.આર.ચન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં-૯૪૮૬ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫





પાસા અટકાયતની વિગત

પાલડી પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઈસમની "પાસા" હેઠળ અટકાયત કરતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર- ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન" ડિવીઝન સાહેબ નાઓની સુચના આધારે મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા સારૂ તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા પ્રકારની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારના મિલ્કત સબંધી ગુનામાં પકડાયેલ ઈસમ વિરૂધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી મિલ્કત સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઈસમ નાઓ વિરૂધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓને પાઠવી મે.પોલીસ કમીશ્નરની કચેરીના પાસા હુકમ નં ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/ ૨૬૧/૨૧ તા.૧૫/૦૨/૨૦૨૧ ના રોજથી અધિક્ષક શ્રી જીલ્લા જેલ જુનાગઢ ખાતે સદર ઈસમને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદરી ઈસમને તા.૧૫/૦૨/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે ઉપરોક્ત "પાસા" હુકમની બજવણી કરી સદર ઈસમને યોગ્ય કેદી જાપ્તા સાથે અધિક્ષક શ્રી જીલ્લા જેલ જુનાગઢ ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપી

રાહુલ જગદીશભાઈ મીયાવરા ઉ.વ-૨૨ ધંધો-છુટક મજુરી રહે, બ્લોક નં-૧, સ્ટાફ ક્વાટર્સ, કેલીકો મીલની સામે, જમાલપુર, અમદાવાદ શહેર. મુળ રહે, ગામ પાટડી તા.દસાડા જી સુરેન્દ્રનગર.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૩૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૦૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૩૦૯/૨૦૨૧**

નરોડાઃ નિલેશકુમાર મહેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૩૧) (રહે.લક્ષ્મીવિલા ગ્રીન્સ હરીદર્શન ચાર રસ્તા પાસે નરોડા) એ તા.૧૫/૦૨/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગસ્ટ-૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપીઓ (૧) દીક્ષીત પીએ મેનત (૨) માનશી ઉર્ફે મધુ યશવંતરાવ (બન્ને રહે. બુકહીલ ટાવર સમર્થનગર ન્યુ લીંક રોડ અંધેરી વેસ્ટ મુંબઇ) એ નિલેશકુમાર પટેલને સેંટ ટેરેસા યુનીવર્સીટી કેલીક્યુઆ ૨૪૧૯ કીંગસ્ટાઉન એન્ડ ધ ગ્રેનેડાઇન્સ (નોર્થ અમેરીકા) ખાતે એમ.બી.એ.ના અભ્યાસ માટે સ્ટુડન્ટ વીઝા આપવવાનો વિશ્વાસ આપી નિલેશકુમાર પટેલ પાસેથી રૂપિયા ૧૪,૫૦,૦૦૦/- મેળવી લઇ વીઝા નહી અપાવી બાકી નિકળતા રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૩૧૦/૨૦૨૧**

શહેરકોટડાઃ પ્રવિણભાઇ ભગુભાઇ પરમાર (રહે. શક્તિકુંજ સોસાયટી મનપસંદ ડાયમન્ડની બાજુમાં બાપુનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી મનિષ જ્યંતિલાલ સથવારા તા.૧૨/૧૧/૨૦૨૦ થી તા.૧૪/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન સરસપુર ખાતે આવેલ ઇન્ડીયા બુલ્સ સેન્ટ્રમ ખાતે આવેલ પોતાના બી-૩/૨૦૨ ફ્લેટના રૂમનું તાળુ ડુપ્લિકેટ ચાવીથી ખોલી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

ત્યજી દિધેલ શિશુ મળી આવવા બાબતઃ- **સમાચાર યાદી નં.૩૧૧/૨૦૨૧**

વેજલપુરઃ (૧) તા.૧૪/૦૨/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા વેજલપુર શ્યામસુંદર સોસાયટી ના કોટ પાસે પાર્ક કરેલ ગાડી નીચેથી જીવીત નવજાત શિશુ ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા વેજલપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

વેજલપુરઃ (૨) તા.૧૪/૦૨/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા ફતેવાડી કેનાલ મેટ્રો સ્ટેશનથી શાસ્ત્રીબ્રીજના છેડા નજીકથી જીવીત નવજાત શિશુ ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા વેજલપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પોસઇશ્રી આર.ડી.રોહીત ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૧૨/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ શ્યામવીર સ/ઓ કૈલાશપાઠક જાટવ (ઉ.વ.૩૦) (રહે. દુર્ગામાતાના મંદીર પાસે ગણેશનગર સંતરોહીદાસનગરની બાજુમાં ચાંદલોડીયા) તા.૧૫/૦૨/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસની સગડી ઉપર લાકડાની પાટલી પરથી લાકડાને લગાવવાની પોલિસ (પી.ઓ.) ની બોટલ શ્યામવીર ઉપર પડતા ગેસની સગડી ચાલુ હોય ભડકો થતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૧૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ આશાબહેન વા/ઓ મહેશભાઇ રાવળ (ઉ.વ.૩૪) (રહે. લાજવાબ માર્બલની દુકાન સામે સોમનાથ સ્ટાઇલની દુકાનની ઉપર રાવળવાસ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમા લગાડેલ લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ જીનલબહેન ડો/ઓ ગીદીયોનભાઈ ક્રીચ્યન (ઉ.વ.૨૮) (રહે. નવુ ફળીયુ મુકતીપુરા બારેજા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ગુલમોર હોટલ જમાલપુરબ્રીજ નીચે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.વી.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી